# યુગશિલ્પીઓ અહંકારના વિષપાનથી બચતા રહે

## ગુરુસત્તાની અંતર્વેદનાને સમજો, અનિષ્ઠથી બચો, અનુદાન મેળવો

### વિસંગતિઓને સમજો-બચો

ગુરુ કોઈ શિષ્યને શારીરિક આરોગ્ય માટે પ્રેરિત કરે, શિષ્ય એની વાત માને, તો ગુરુ એના માટે યોગ્ય આહારની વ્યવસ્થા પણ બનાવી દે છે. શિષ્ય એનો લાભ ઉઠાવે, પરંતુ સાથે જ વિષપાન કરવામાં રસ લેવા લાગે, તો બધુ કરેલું વ્યર્થ થઈ જાય છે. આધ્યાત્મિક આરોગ્ય માટે પણ આવો જ નિયમ લાગુ પડે છે. ગુરુ-શિષ્યો માટે મૂલ્યવાન જ્ઞાન, માર્ગદર્શન, પ્રેમ, શક્તિ, અનુદાન વગેરેની વ્યવસ્થા તો બનાવી દે છે, પરંતુ અગર શિષ્ય પ્રારંભમાં જ મળનારા યશના કારણે અહંકારી થઈ જાય તો ગુરુ-શિષ્ય બંન્નેનો પુરુષાર્થ નિરર્થક થવા લાગે છે.

વિદ્યા વિસ્તાર કાર્યક્રમોમાં નવો ઉત્સાહ ઉમટ્યો છે. યુગશિલ્પિઓના નિષ્ઠાભર્યા પુરુષાર્થ તથા ઋષિસત્તાના વરદાનોથી મેળવેલ સફળતાની સાથે યશ તો મળશે જ. તેને અગર તપ અને વિવેક દ્વારા પચાવી ન શકાય તો તે અહંકારનું વિષ બનવા લાગે છે. પૂજ્ય ગુરુદેવે એનાથી બચવાનો દર્દભર્યો આગ્રહ પ્રીયજનો-પરિજનોથી કર્યો છે. જે આ વિસંગતિથી બચશે, તેઓ આગામી ચરણના ઉચ્ચ સ્તરીય કાર્ય કરવા અને વરદાન મેળવવાના સત્પાત્ર સાબિત થશે. આ સંદર્ભમાં પૂજ્ય ગુરુદેવના નિર્દેશોને વાંચે, સમજે, અપનાવે.

### યશના અપચથી બચો

લોકસેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરવા વાળાના સંબંધમાં જન સાધારણની શ્રદ્ધા ઉમટે છે. પરમાર્થની સાહસિકતા અપનાવવા વાળા પર સન્માન વરસે છે. એની પ્રશંસા થાય છે. પ્રસંશા પણ એક સંપદા છે. સંપદાઓની ઉપયોગિતા તો છે, પરંતુ એની પાછળ એક એવો આવેશ પણ રહે છે, જે હજમ ન થાય તો દુર્વ્યસન પેદા કરશે. બુદ્ધિ હજમ ન થાય તો કુચક્ર-ષડયંત્ર રચશે. બળ હજમ ન થાય તો ઉદ્દંડતાના રૂપમાં પ્રગટ થશે. હજમ ન થવાની અમૃત પણ ઝેર બની જાય છે.

યશ હજમ ન થાય તો એવો અહંકાર બને છે, જેની તૃષ્ટિ માટે લોકસેવી પોતાનું ચિંતન, ચરિત્ર, વ્યક્તિત્વ તથા ભવિષ્ય છિછરા સ્તરનું બનાવી લે છે અને એટલું જ પતનના ખાડામાં પડવું પડે છે. જેટલું કે સેવાથી હંમેશા દૂર રહેવા વાળા સામાન્ય મજુર પણ નીચે નથી પડતો. લોકસેવીઓમાંથી ઘણાંખરા પોતાના વ્યક્તિત્વ અને સેવા ક્ષેત્રમાં આવા વિગ્રહ ઉત્પન્ન કરતા જોઈ શકાય છે, જેને દુર્ભાગ્યપૂર્ણ દુર્ઘટના જ કહી શકાય છે અને વિચારવું પડે છે કે અગર યશ હજમ કરવામાં અસમર્થ લોકો, લોકસેવાના ક્ષેત્રમાં ન આવે તો તેઓ પોતાની અને સમાજની વધારે સેવા કરી શકે છે.

મનુષ્યને પતન-પરાભવના ઉંડા ખાડામાં પાડવા વાળી ત્રણ દુષ્પ્રવૃત્તિઓ છે, વાસના, તુષ્ણા અને અહંતા. શિશ્નોદર પરાયણ નર પશુ વાસના, તૃષ્ણાના લોભમાં જકડાઈ રહીને કોઈ પણ પ્રકારે ઘાણીના બળદની જેમ નિયતિ ચક્રમાં પરિભ્રમણ કરતો દિવસ પસાર કરી લે છે. પરંતુ અહંકારને ચેન ક્યાં છે? એ તો બધી પ્રશંસા, બધી મોટાઈ, બધા અધિકાર પોતાના જ હાથમાં રાખવા માંગે છે.. બીજાની ભાગીદારી તેને સહન ક્યાં થાય છે? આ જ વિટંબનાએ સર્વાધિક વિગ્રહ પેદા કર્યો છે. લાગે તો એ છે કે લાલચના કારણે અપરાધ થાય છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે અહંકાર જ જ્યાં-ત્યાં ટકરાઈને અને પ્રતિશોધથી લઈને આક્રમણ, અપહરણ, ઉત્પીડનના વિવિધ અનાચાર ઉત્પન્ન કરાવે છે. અન્યાયનો અવરોધ તો કહેવા માત્રની વાત છે, એ તો જ્યાં-ત્યાં જ્યારે-ત્યારે જ દૃષ્ટિગોચર થાય છે. વાસ્તવિકતા એ છે કે સામન્તવાદી અનાચારોના કારણે પણ આ જ છે, ત્યાં અહંકાર જ ઉદ્ધત બની અને ટકરાય છે.

અનાચારોનો વિશ્વ ઈતિહાસ વાંચવાથી એ માલુમ થાય છે કે અભાવ અથવા અન્યાયની વિરુદ્ધ નહીં, ઘણાખરા વિગ્રહ અને યુદ્ધ મૂર્ધન્ય લોકોએ અહંકારની તૃપ્તિ માટે ઉભા કર્યા છે. કંસ, રાવણ, હિરણ્યકશ્યપ, વૃત્રાસુર, સહસ્ત્રબાહુ, જરાસંઘ જેવા પૌરાણિક અને સિકન્દર, નેપોલિયન, ચંગેજખાઁ, આલ્હા, ઊદલ જેવા બર્બર લોકોએ જે રક્તપાત કર્યા એની પાછળ એમની અહંકારની તુષ્ટિના સિવાય બીજુ કોઈ કારણ ન હતું.

### લોકેષણાનું દુષ્પરિણામ

આ ચર્ચા આ લાઈનોમાં એટલા માટે કરવામાં આવી રહી છે કે યુગશિલ્પીઓ દ્વારા આરંભિક ઉત્સાહમાં જે કાર્ય અપનાવવામાં આવી રહ્યું છે, એમાં લોકમંગળના પરમાર્થ પ્રયોજન દૃષ્ટિગોચર હોવાના કારણે શ્રેય, સન્માન તથા યશ તો સ્વભાવતઃ મળવાનો જ છે. એ પચે નહીં અને વધારે ઉદ્ધત થઈ જાય તો પાગલ હાથીની જેમ પોતાના સાથિયોને તથા એ સંગઠનનો વિનાશ કરશે, જેની નીચે બેસીને પોતાની સ્થિતિ બનાવી છે. હાથી પાગલ થાય તો પોતાનાઓ પર જ ટૂટી પડે છે. આ રીતે લોકેષણા જ્યારે પાગલ થાય છે, તો સૌ પ્રથમ તે સાથિઓને મૂર્ખ, નાના, અનુપયોગી, દુષ્ટ સાબિત કરવા લાગે છે. સમાન સાથિઓમાં હળીમળીને રહેવામાં મહત્વાકાંક્ષીનું પોતાનું વર્ચસ્વ ક્યાં ઉભરે છે. એટલા માટે તેની સાથે ઝાડ-ઝાંખડની સફાઈ કરવી પડે છે, જેથી સમગ્ર ખેતરમાં એકલા જ કલ્પવૃક્ષ હોવાનો શેખી વધારી શકે.

દૃષ્ટિ નાખીને પોતાના ચારે બાજુ લોકેષણના નગ્ન નૃત્ય જોઈ શકાય છે. રાજનૈતિક પાર્ટીઓમાં થતા રહેનાર અતંઃક્લેશ સિદ્ધાંતવાદી હોવાનું ભલે બતાવતા રહે, પરંતુ ખરેખર તેઓ વ્યક્તિઓની મહત્વકાંક્ષાના નિમિતે જ થાય છે. કેટલીયે ઉપયોગી સંસ્થાઓ પદલોલુપતાના પરસ્પર ટકરાવીને પોતાના જ હાથે શિથિલ અથવા સમાપ્ત કરી દેશે. કૌરવ-પાંડવોથી લઈને યાદવ કુળ લડી-ઝઘડીને સમાપ્ત થઈ જવાની પાછળ લાલચ નાનો અને અહંકારને મોટું કારણ જોવા મળશે. ધર્મ સંપ્રદાયોના જે વિભાજન થતા ગયા છે, એના અનુયાયીઓમાં સુધારક ઓછા અને શ્રેય લોલુપ વધારે રહ્યા છે. ચુંટણીના સમયે અથવા બાદમાં જે વિગ્રહ દૃષ્ટિગોચર થાય છે, પ્રતિશોધના નામ પર અનર્થ થાય છે, એમાં ઔચિત્ય ઓછું અને અહંકારનો નાગો નાચ વધારે જોઈ શકાય છે. સાસ-વહુની લડાઈમાં આ જ વિટંબના ઉછળતી દૃષ્ટિગોચર થાય છે. પતિઓએ પત્નીઓને આતંકિત કરવામાં આ જ તથ્ય પ્રમુખ હોય છે.

### સન્માન કોનું?

વાત એ સંદર્ભમાં ચાલી રહી છે કે યુગશિલ્પીઓના સપ્ત મહાવ્રતોને અપનાવવાનો એટલા માટે નિર્દેશ કરવામાં આવ્યો છે કે એનું વ્યક્તિત્વ નિખરે અને એ આધાર પર આત્મબળ વધારતાં વધારે ઉચ્ચસ્તરીય સેવા સાધના કરી શકવામાં સમર્થ થઈ શકે. અગર એનું પાલન કરવામાં આવે અને લોકેષણાથી ઉપજેલ ઝેરનું નિયમિત રૂપથી નિષ્કાસન ન કરવામાં આવ્યું તો એ જ દુર્ગતી થશે જે ભોજન કરવા તથા મળ વિસર્જનમાં ઉપેક્ષા રાખવાથી પ્રાણ સંકટના રૂપમાં ઉત્પન્ન થાય છે.

લોકસેવીને જનતા સન્માન આપે છે, તે ખરેખર એ સેવા ધર્મની પુણ્ય પરંપરાનું, સૂત્ર સંચાલક તંત્રનું સન્માન છે. સત્પ્રયોજનો માટે લોકશ્રદ્ધા બની રહે, માત્ર આ જ એક પ્રયોજન માટે સન્માનના પ્રગટીકરણની પ્રથા ચાલી છે. ભૂલ એ થાય છે કે સેવાભાવી તેને પોતાની વ્યક્તિગત યોગ્યતાનું પ્રતિફળ માનીને અહંકારમાં ડૂબી જાય છે અને પછી તેને પોતાનો અધિકાર સમજવા લાગે છે. જ્યાં એમાં કમી હોય છે ત્યાં નાખુશ થાય છે. વધારે મેળવવા માટે આતુર રહે છે. વહેંચણી થવાના કારણે સાથિઓને હટાવવા અથવા નીચે પાડવાનો પ્રયત્ન કરે છે. આવા જ હાથકંડા વધારે માત્રામાં સન્માન મેળવવા માટે પ્રયુક્ત કરવામાં આવે છે. આ આપાધાપીમાં કોણ કેટલો સફળ થયો, એ તો ઈશ્વર જ જાણે, પરંતુ આ આંખ ખોલીને સર્વત્ર જોઈ શકાય છે, કે યશ લોલુપતા, પદ લોલુપતા, અહંકાર કોઈના છુપાવાથી નથી છુપતો. એતો ઉપર ઉઠી આવે છે અને બદલામાં ઘૃણા, તિરસ્કાર વિકસિત થવા લાગે છે. અનૌચિત્ય પ્રત્યે તિરસ્કારનો આ ભાવ સર્વપ્રથમ સાથિઓથી આરંભ થાય છે. ચર્ચા આગળ વધે છે અને યશ લોલુપની વિરુદ્ધ અસંતોષ, તિરસ્કારનો વિસ્તાર ક્રમશઃ વધારે મોટા વિસ્તારમાં થતો ચાલ્યો જાય છે. એ છે તે પ્રતિક્રિયા જેના કારણે યશ લોલુપ તિરસ્કારનો ભોગ બને છે અને જે પોતાની સેવા સાધનાના કારણે શ્રેય સન્મનના અધિકારી હતા, એનાથી પણ વંચિત થતા જાય છે.

### આવી અણસમજ ન કરે

મોટાઈ દરેક ક્ષેત્રમાં મોંઘી પડે છે, ધન, વિદ્યા, સૌન્દર્ય, પદ વગેરેના ક્ષેત્રમાં જે પોતાને મોટો સાબિત કરવા માંગે છે, તેને જુદા-જુદા પ્રકારના આડંબર ઉભા કરીને એ સાબિત કરવો પડે છે કે એની પાસે અમુક વિશેષતાઓ છે. લોકો તેને જુએ, સમજે અને પ્રશંસા કરે. ફેશન, ઠાઠ-બાટ જેવા ખર્ચીલા તામજામ આ એડવોટાઈઝ માટે કરવામાં આવે છે જેથી જોવાવાળાની આંખો એની ઉપર પડે. આ જ અનાચરણ યશ લોલુપોને પણ  અપનાવવો પડે છે. તેઓ કોઈને કોઈ બહાને પોતાની શકલ વારંવાર લોકોને દેખાડવા ઈચ્છે છે, એના માટે અનેક એવા ઉદ્ધત આડમ્બર રચવા પડે છે, જેમાં એમની પ્રમુખતા સાબિત થતી હોય છે. સ્ટેજ પર ઉઠવા-બેસવાનું ઔચિત્ય અથવા આમંત્રણ ન હોવા છતાં પણ ત્યાં આવી ચઢે છે, એવી જગ્યાએ કારણ વગર ઉભા થાય છે જ્યાં લોકો એની શકલ જુએ અને તેઓ કોઈ મહત્ત્વપૂર્ણ ડ્યૂટી પર લાગેલા માલુમ પડે. પોતાનું નામ, ફોટો છપાવવા માટે આતુર રહેવું, કોઈ કાર્યમાં દાન આપી દેવું હોય તો એની ચર્ચા સ્વયં કરવા, બીજા પાસે કરાવવા રસ્તો શોધવો, દાનની રકમની તક્તી લગાડવી જેવી બચપણા કરવા વાળા પ્રયત્ન તો યશસ્વી બનવાનો કરે છે પરંતુ એની ક્ષુદ્રતા અનાયાસ જ પ્રગટ થઈ જાય છે. પરિણામ સ્વરૂપ ઉલટા ઘૃણા તિરસ્કારને પાત્ર બને છે.

યશની સાથે પરોક્ષ રૂપથી ધન લૂટવાની પણ સંભાવના જોડાઈ રહે છે. કેટલાક એનો લાભ ઉઠાવે પણ છે, પરંતુ સ્પષ્ટ છે કે આવા કોયડા અપનાવવા વાળા આંતરિક દૃષ્ટિથી પતિત થતા ચાલ્યા જાય છે. પરિણામ સ્વરૂતે તેઓ સેવાના ક્ષેત્રમાં બીજાની અપેક્ષા વધારે નુકશાનમાં રહે છે. તિરસ્કાર, ઉપેક્ષિત, બહિષ્કૃતની સ્થિતિમાં પહોંચેલ અનેક તથાકથિત નેતા એવા જોઈ શકાય છે, જે કોઈપણ પ્રકારે સન્માનજનક સ્થાન સુધી પહોંચવા, જઈ બેસવામાં તો સફળ થઈ જાય છે, પરંતુ સંપર્ક ક્ષેત્રમાં શ્રદ્ધાથી ક્રમશઃ વધારેમાં વધારે વંચિત થતા જાય છે.

### અજાણ્યા નહીં, જાણકાર બનો

આ અહંકારના પોષણનું પ્રતિફળ છે જેને લોકસેવી અજાણે જ અપનાવવા લાગે છે. યાદ રાખવામાં આવે, આ ઘોડાદોડ અત્યંત મોંઘી, નુકશાનદાયક અને મૂર્ખતાપૂર્ણ છે. સડક પર નાગો નાચ નાચીને પણ લોકોનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરી શકાય છે, પરંતુ એનાથી કંઈ બનતું નથી. જે પ્રકારે મોટાઈ મેળવવા માટે ઉદ્ધત પ્રદર્શન કરવા વાળા નટ, વિદૂષક સમજી શકાય છે, એ જ પ્રકારે યશ લિપ્સા પણ વ્યંગ-ઉપહાસ-તિરસ્કારના કારણ બને છે.

સામે કોઈ ભલે ન કહે પરંતુ આ વાસ્તવિકતાને થોડું પર્યવેક્ષણ કરવા પર સરળતાપૂર્વક સાકાર થતાં જોઈ શકાય છે કે પ્રમુખતા સાબિત કરવા માટે ચિત્ર-વિચિત્ર ચિત્ર-વિચિત્ર વેશ બનાવવા વાળા, નાટકમાં મ્હોરા, પહેરવેશ પહેરીને ક્યારેક રાજા, ક્યારેક ઋષિ બનવાવાળાની જેમ પોતાની અવાસ્તવિકતાનો ઢંઢેરો સ્વયં પીટતા ફરે છે. એમાં તેમને શ્રમ, સમય, ધન અને ચાતુર્યનો નિરર્થક અપવ્યય કરવો પડે છે. મૂર્ખ અથવા ચમચાઓ આઘુ-પાછુ કરીને એની વચ્ચે રંગે હાથે શિયાળની જેમ વનરાજ બનવાની ઢોંગ માત્ર ઉભો કરી શકાય છે, પરંતુ એનાથી શું મળે છે? પરોક્ષ વ્યંગ-ઉપહાસ. પોતાની સાથે જે ગહરી અવજ્ઞા છુપાવી રહે છે, એ લોકસેવક વિદૂષક સ્તરનો બનીને રહી જાય છે.

આ દુર્મતિ જન્ય દુર્ગતિનો અગર પૂર્વાભાસ રહે, તો લોક-સેવાના ક્ષેત્રમાં પ્રવેશ કરવાવાળા આરંભથી સજગ રહે અને ખિલવાડ રચવાની અપેક્ષા સતર્ક રહેવાનું કાર્ય પ્રસંદ કરે. એડવોટાઈઝથી બચીને નમ્રતાપૂર્વક સ્નેહ સૌજન્ય અપનાવવા વાળા ખરેખર વધારે શ્રેયાધિકારી બને છે. યશ, લિપ્સા પણ છાયાની જેમ છે. એની પાછળ દોડવા વાળા અસફળ રહેલ અને ખીઝ, પશ્ચાતાપની સિવાય બીજુ કંઈ મેળવી શકતા નથી. એની અપેક્ષા તેઓ વધારે નફામાં રહે છે, જે શ્રેય બીજાને વહેંચે છે, સ્વયં પાછળ રહે છે.

વિનમ્ર સ્વયં સેવકની જેમ જેને પોતાનો શ્રમ સાધના, પરમાર્થ પરાયણતાના આધાર મળનારા આત્મસંતોષને જ પર્યાપ્ત માનવાની વિવેક દૃષ્ટિ રહે છે, તેઓ વગર ઈચ્છાએ યશ મેળવે છે. તેમને તે ઉંડો સ્નેહ, સદ્‌ભાવ પ્રાપ્ત થાય છે, જેની સાથે સાથિઓ, પરિચિતોનો વિશ્વાસ અને સહયોગ પ્રચુર માત્રામાં જોડાયેલ રહે છે. દૂરદર્શિતા એમાં છે કે લોકસેવી સાચા મનથી યશ, પદ લોલુપતા અહંકાર છોડે. વિનમ્રતા અપનાવે, બીજાને આગળ રાખે, સ્વયં પાછળ રહે. પોતાના વખાણ રોકી દે. પોતાના ચહેરા ચમકાવે નહી, પરંતુ એ રીતે રહે જેમ કે સાદા જીવન ઉચ્ચ વિચારના સિદ્ધાંતોમાં આસ્થા રાખવાવાળો દૃષ્ટિકોણ, ચરિત્ર વ્યવહારમાં વધારેમાં વધારે શાલીનતા અપનાવી અને પોતાની વિશેષતાના કારણે મહાનતાના ઉચ્ચ પદ પર જઈ પહોંચે છે.

ગુરુસત્તાના ઉપરોક્ત નિર્દેશોના વિષયમાં નૈષ્ઠિક પરિજન સ્વયં પણ જાગરૂક રહે તથા પોતાના પ્રભાવ ક્ષેત્રના પરિજનોને પણ જાગરૂક રાખે. થોડી સાવધાની રાખવાથી મોટી દુર્ઘટના ટળશે અને વિકાસની મોટી સંભાવનાઓ ફળિત થશે. ગુરુસત્તાની પ્રસન્નતા તથા પોતાની પ્રગતિ માટે આ સુયોગને અવશ્ય સાધે.